

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'પટપટાવો પૂંછ' એમાં તો કંઈ, નવું નથી,*
*અનુભવી નેતાઓ ને બકરા બનવું નથી !!*
*જવું નથી લોકસભામાં 'હા જી હા' કરવાને -*
*નાની જાગીર છોડીને 'મૂક ઘેટું' થવું નથી!*
*(બંને પક્ષને 'લાયક' ઉમેદવાર મળતા નથી)*

### હાઈકુ

*'ઉમેદવાર'*
*'નો રિપીટ થિયરી'*
*બણગા બુઠ્ઠા !*

*ખૂલ્લી ગૈ પોલ,*
*વિકાસના ઢોલની*
*વાગે ખોખરું...*

### ચિંતન

**સૂયવસદ્ભગવતી હિ ભૂયા અથો વયં ભગવન્તઃ સ્યમ ।**
**અદ્ધિ તૃણમઘ્ન્યે વિશ્વદાની પિબ શુદ્ધમુદકમારન્તી ।**

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**સંતાનો સુશિક્ષિત બને એટલા માટે માતાઓ જ્ઞાનવાન બને. જે સ્ત્રીઓ સદાચારી પુરુષોની સાથે લગ્ન કરીને સંતાનો પેદા કરે છે અને તેમને સંસ્કારવાન બનાવે છે. તેનાથી સમાજનું ગૌરવ વધે છે. તેમની સહાય ગાયોની માફક પવિત્ર હોય છે.**

**વિદ્યા, વૈભવ, વીરતા, સરસતા, મમતા, કરુણા વગેરે ગુણોથી પરિપૂર્ણ સ્ત્રી જ્યારે સુસંસ્કારી, સદાચારી અને ચારિત્ર્યવાન પુરુષો સાથે લગ્ન કરે છે ત્યારે કુટુંબ અને સમાજમાં સર્વત્ર તેમના સદ્દગુણોની સુગંધથી યશ અને કીર્તિ ફેલાય છે.**

### સુવિચાર

- દસ લીટર ગંદવાડ કરતા મધનું એક ટીપું વધારે માખીઓ ભેગી કરી શકે છે - **લિંકન**
- ખ્વાહિશોં કે બોજ મેં... તું કયા કયા કર રહા હૈ... ઈતના તો જીના ભી નહીં.... જીતના તુ મર રહા હૈ - **ઈકબાલ પટેલ**
- મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો જેના માટે તમે 'શું છો' એ નહિ પણ તમે 'કેમ છો' એ મહત્ત્વનું હોય છે - **ઉજમશી પંડ્યા**
- આપણી અંદર સંઘર્ષ શરૂ થઈ જાય છે ત્યારે જ આપણામાં કંઈક બનવાની યોગ્યતા પેદા થાય છે - **રોબર્ટ બ્રાઉનીંગ**
- અજ્ઞાનતા હોય ત્યાં આડંબર, અભિમાન અને ઉદ્ધતાઈ હોવાના જ - **સેમ્યુઅલ બટલર**
- આગિયા ત્યાં સુધી ચ ચમકે છે જયાં સુધી તે ઉડે છે આ જ સ્થિતિ મનુષયની છે જયારે તે અટકી જાય છે ત્યારે તે અંધકારમાં અટવાઈ જાય છે - **ઓશો**
- આજનું ઔષધ : સંતરાના જ્યુસમાં મરી પાઉડર અને સિંધવ મીઠું ચપટી નાખી સવાર-સાંજ સેવન કરવાથી આંખોની દૃષ્ટિ વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા


મોટા ભાઈ ગોવિંદ રાવ અને નાનાભાઈ ગોપાલ રાવ કબડ્ડી રમતા વિરોધી ટીમમાં હતા. ગોવિંદ રાવ કબડ્ડી બોલાત ગોપાલના કોર્ટમાં આવ્યા અને તેમણે ગોપાલ રાવને ઈશારો કરી પોતાને ન પકડવા કહ્યું. પરંતુ ગોપાલ રાવને મોટાભાઈની આ વાત યોગ્ય ન લાગી. તેમણે ખેલને પૂરા ન્યાયની ભાવના સાથે જ રમવાનું યોગ્ય માન્યું અને મોટાભાઈને આઉટ કરવા પૂરીત તાકાત લગાવી દીધી. આખરે ગોવિંદ રાવ આઉટ થઈ ગયા. ગોવિંદરાવને આ બાબતનું માઠું લાગ્યું. એટલે ઘરે જઈને તેમણે ગોપાલ રાવને કહ્યું, 'મેં જયારે ઈશારો કરી ને કહ્યું કે મને પકડીશ નહીં તો પણ તેં મને પકડી લીધો. તું મારો કેવો ભાઈ છે, જે પોતાના મોટાભાઈની નાની વાત નથી માનતો ?' જવાબમાં ગોપાલે કહ્યું, 'મોટા ભાઈ, તમારા પ્રત્યે મારી શ્રદ્ધઆ અતૂટ છે. તમે જે કહેશો તે કરવા હું તૈયાર છું. ચાહે તેના માટે મારે જાનની બાજુ કેમ લગાવવી ન પડે ? પરંતુ હું બેઈમાની નહીં કરી શકું. રમત પણ આપણે સંપૂર્ણ ઈમાનદારી અને નિષ્ઠાથી રમવી જોઈએ, કારણ કે ખેલ-ખેલમાં અપનાવેયાલી ભાવના જ આગળ આપણા વિચારો અને ભાવો પુષ્ટ કરે છે, રમતમાંથી ખેલદીલીની ભાવના દૂર થાય તો પછી એ માત્ર દાવપેંચ બની રહે છે. રમત રહેતી નથી, હું નથી ઈચ્છતો કે મોટા થવા પર મારી અંદર જુઠ્ઠું બોલવાની કે ખોટા કાર્ય કરવાની આદત પડી જાય.' પોતાનાથી પાંચ વર્ષ નાના ભાઈની વાત સાંભળીને ગોવિંદ રાવે ખુદને સુધારવાના સોગંધ ખાધા.

# સ્પેસ સ્ટ્રાઈક મોદી શાસનનું સીમાચિહ્ન

**તંત્રીસ્થાનેથી...**

લોકસભાની ચૂંટણીઓ જીતવા માટે શાસક પક્ષ અને કોંગ્રેસ સહિતના તમામ વિપક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. શાસક પક્ષને શાસનમાં હોવાની અનુકૂળતા હોય છે. બહુ જ નીતિવાન શાસક એવી અનુકૂળતાનો ગેરલાભ ઊઠાવવાનું પસંદ ન કરે. પરંતુ નહેરુ, શાસ્ત્રી અને મોરારજી દેસાઈ પછીના શાસકોમાં ડૉ. મનમોહનસિંહે જ આવાં નૈતિક બંધનોનું પાલન કરવાનો યત્કિંચિત્ પ્રયાસ કરેલો. ખુદ નરસિંહરાવ નીતિશાસ્ત્રના વિદ્વાન હોવા છતાં મૂંગા મોંએ બાબરી ધ્વંસ જોતા રહ્યા હતા અને ગઠબંધનના સાથીઓને મોં માગી કિંમત ચૂકવતા રહ્યા હતા. મનમોહનસિંહના શાસનકાળમાં જ સ્પેસ સ્ટ્રાઈક માટેની તમામ તૈયારીઓ ઈસરો અને ડીઆરડીઓ દ્વારા થઈ ચૂકી હતી. મનમોહનસિંહનું વ્યક્તિત્વ ડરપોક સરદારજી જેવું જ હતું. એક તરફ એ ગાંધી પરિવારના કહ્યાગરા કંથની ભૂમિકા ભજવતા હતા બીજી તરફ એમને ઈન્ટરનેશનલ ઈમેજ ખરડાય નહીં એની ખેવના રહ્યા કરતી હતી. અમેરિકા અને રશિયાની સ્પેસ દાદાગીરી સામે ચીને એન્ટી સેટેલાઈટ મિસાઈલ છોડી પોતાનો સેટેલાઈટ તોડી પાડ્યો ત્યારે એની ટીકા થઈ હતી. ભારત પાસેએની સમકક્ષ ટેકનોલોજી વિકસિત થઈ ચૂકી હતી અને વૈજ્ઞાનિકો તો એમની આ મારક - સંહારક અને સંરક્ષક રાક્ષસી શક્તિનું વેળાસર પરીક્ષણ કરવા ઉત્સુક પણ હતા. ઢીલા સરદારજીએ મંજૂરી આપી હોત તો ભારત પાંચ વર્ષ વહેલું સ્પેસ કલબની ત્રિપુટી સાથે ચોથા સભ્ય તરીકે સામેલ થઈ ગયું હોત. વૈજ્ઞાનિકો જે વાત કરી રહ્યા છે તેની પાછળ કોઈ રાજકારણ જ ન હોઈ શકે. પરંતુ કદાચ હોયતો પણ એ દેશના નાગરિકો તરીકેનો એમનો વિશેષાધિકાર છે. અગાઉની સરકારમાં મોદી જેવી 'ઈચ્છાશક્તિ' નહોતી, એ તો સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મોદી જ ટ્રિપલ તલાક વિરુદ્ધ બિલ લાવી શકે, નોટબંધીનું જોખમ ખેડી શકે અને ઉપરાછાપરી ત્રણ ત્રણ જાતની 'સ્ટ્રાઈક' કરાવી શકે. ચૂંટણીના જ દિવસોમાં આવું કરાવાયું તે નૈતિક રીતે અને બંધારણીય રીતે કેટલું ઉચિત - અનુચિત એની ચર્ચા ચાલ્યા કરશે. વિપક્ષો કાગારોળ કરતા રહેશે, ચૂંટણી પંચ પણ એની ગરિમાનું પ્રદર્શન કરવા પૂરતું તપાસ સમિતિ નીમીને કેવી તપાસ કરશે તે બધા સમજતા જ હોય. વિચક્ષણ રાજનીતિમાં જે સામ, દામ, દંડ અને ભેદ જેવા ચાર ઘટકો છે એ પૈકી મોદીએ છેલ્લા 'ભેદ' - રહસ્યમય ઘટકનો સફળતાપૂર્વક વિનિયોગ કરીને ધાર્યું નિશાન પાડી દીધું છે. હવે પ્રજા એનો કેવો પડઘો પાડે છે તે પ્રજાની પરિપકવતા પર આધાર રાખશે. હાલ તો મોદીએ એમના ભાથાનું છેલ્લું શસ્ત્ર ઊતરી દીધું છે અને સંરક્ષણની ઢાલ કરીને ચૂંટણીપંચને પણ ચૂપ કરી દીધું છે.

# પ્રગાઢ અરણ્યની સ્વામિની - ચિત્રાંગદા





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

મણિપુરમાં પ્રાકૃતિક સંપત્તિ અપાર. ગાઢ અરણ્ય. વચ્ચેથી વહેતી નદી પૂર્ણા એને અડીને નયનરમ્ય સરોવર. એને કિનારે ભવ્ય શિવાલય. વનમાં વચ્ચે વચ્ચે વનવાસીઓના નેસ વસેલા હોય.

આ બધું ચિત્રાંગદાને બહુ ગમે. એ આ વિસ્તારની સામ્રાજ્ઞી હતી, સ્વામીની હતી. એ હતી રાજકન્યા - પરંતુ જન્મથી જ એનો ઉછેર પુરુષની જેમ જ થયેલો. પુરુષના વસ્ત્ર પહેરે. જાતવાન શ્વેત અશ્વ ઉપર સવાલ થાય. શરીર ઉપર શસ્ત્ર અસ્ત્ર સજેલા હોય. વનમાંથી પસાર થાય વનવાસીઓ એને અત્યંત આદર આપે. એમને માટે એનું ધનુષ્ય ચડાવેલું જ હોય. હિંસક પ્રાણીઓ સામે રક્ષણ આપો. લૂંટારૂઓનાં ધાડા ઊતરી આવે, તો બખ્તર સજીને પહોંચી જાય અને મારી હઠાવે. એનામાં સ્ત્રીસ્વભાવ વિકસ્યો જ ન હતો.

એકવાર એ સવારે નદીને કિનારે કિનારે આગળ વધતી હતી. હવે પગદંડી સાંકળી થઈ ગઈ. એણે અશ્વને વૃક્ષ સાથે બાંધ્યો અને એ પગપાળા આગળ વધી. ત્યાં એનો આ સાંકડો રસ્તો પણ રૂંધાઈ ગયો. કોઈક ત્યાં સૂતું હતું. એણે એને ઉડાડવા કોશિશ કરી,પણ એણે દાદ ન આપી. હવે ચિત્રાંગદાએ ધનુષ્યની અણી એની પીઠમાં મારી. એ તરત જ બીજી ક્ષણે કપડાં ખંખેરીને એની સામે ઊભો રહ્યો. એણે અપાર કુતૂહલથી એની સામે જોયું. આ દૃષ્ટિએ શું ચમત્કાર કર્યો, કે પ્રથમવાર જ એને અહેસાસ થયો કે, 'સામે કોઈ 'પુરુષ' ઊભો થયો છે. 'એનામાં સ્ત્રીભાવનો સંચાર થયો. એ જડવત ઊભી રહી.' 'હું પૃથાપુત્ર પાંડવ અર્જુન છું.' એમ કહીને એ જતો રહ્યો.

હવે પસ્તાવાનો વારો એનો હતો. 'આ અર્જુન હતા. એને માટે મેં સ્પૃહા કેળવેલી. બીજું કાંઈ નહી મેં એનો અતિથિ - સત્કાર પણ ન કર્યો.'

એકવાર અર્જુન વનેચરોના નેસ પાસેથી પસાર થયો. એ લોકો અર્જુને પૂછ્યું - 'તમે લોકો સલામત છો ને ?' વનવાસીઓ તો હોંશે હોંશે ચિત્રાંગદાની વાત કરવા લાગ્યા. આમાં ભારોભાર અહોભાવ છલકાતો હતો.

એને ખાતરી થઈ ગઈ - 'પોતે જેને મળ્યો હતો - એ ક્ષત્રિય રાજકન્યા આ પ્રદેશની સ્વામિની છે.'

ચિત્રાંગદાને હવે પોતાની ઊણપની પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ હતી. એણે કામદેવ અને એના મિત્ર વસંતનું શરણ સાધ્યું. એ લોકોએઆ ઊણપને દૂર કરી આપી. એનામાં સ્ત્રીભાવ પ્રગટાવ્યો.

રાત્રિનો પાછલો પ્રહર હતો. અર્જુન શિવાલયમાં હતો. એણે જોયું - વૃક્ષઘટામાંથી કોઈ નારી આકૃતિ બહાર આવી. એ જળાશયમાં ચરણ રાખ્યા, વાળ ખુલ્લા કર્યા. એ ચિત્રાંગદા હતી. એનાં દેહના સૌંદર્યથી અને લાલિત્યથી અર્જુન મુગ્ધ થઈ ઊઠ્યો.

બારણું ઉઘાડીને ચિત્રાંગદાએ મંદિરમાં પ્રવેશ કર્યો. અર્જુન પાસે એણે પોતાનો પ્રેમભાવ વ્યક્ત કર્યો. અર્જુને પણ કહ્યું, 'હું જ પાર્થ. દેવી, તમારા હૃદયદ્વારે પ્રેમાર્ત અતિથિ.' ચિત્રાંગદાને - જાણે સાતેય કોઠે દીવા પ્રજવલી ઊઠ્યા.

વર્ષ પૂર્ણ થયું. અર્જુનને વિદાય આપવાની હતી. ચિત્રાંગદાએ કહ્યું, 'આપના સુખદુઃખમાં મને સહચરી બનાવો. આપના જે સંતાનને હું ગર્ભમાં ધારણ કરી રહી છું. તે જો પુત્ર અવતરશે તો બાળપણથી જ તેણે વીરશિક્ષણ આપી તેને બીજો અર્જુન બનાવી તેના પિતાને ચરણે ધરીશ. ત્યારે તમે મને ઓળખી શકશો.'

અર્જુને કહ્યું, - 'આજે હું ધન્ય થયો.'

(આધારસ્થાન - રવીન્દ્રનાથ, અનુ. મહાદેવ દેસાઈ, ચિત્રાંગદા)

# ભૌતિકશાસ્ત્રમાં પ્રથમ નોબલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક કોણ હતા ?



## ખજાનો

અનિલ પટેલ

### એવોર્ડ્ઝ

૧ સૌ પ્રથમ મરણોત્તર ભારત રત્ન કયા વડાપ્રધાને અપાયો હતો ?
(અ) ઈંદિરા ગાંધી (બ) રાજીવ ગાંધી
(ક) લાલ બહાદુર શાસ્ત્રી (ડ) ચંદ્રશેખર

૨ ભારત રત્ન મેળવનાર પ્રથમ મહિલા કોણ છે ?
(અ) ઈંદિરા ગાંધી (બ) અરુણા અસફ અલી
(ક) લત્તા મંગેશકર (ડ) પ્રતિભા પાટીલ

૩ ભૌતિકશાસ્ત્રમાં પ્રથમ નોબલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક કોણ હતા ?
(અ) હોમીભાભા (બ) વિક્રમ સારાભાઈ
(ક) સી.વી. રામન (ડ) જગદીશચંદ્ર બોઝ

૪ અર્જુન પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) કલા (બ) સંગીત
(ક) શૌર્ય (ડ) રમત-ગમત

૫ સાહિત્ય અકાદમી પુરસ્કાર કયારથી અપાય છે?
(અ) ૧૯૫૦ (બ) ૧૯૫૪
(ક) ૧૯૬૦ (ડ) ૧૯૬૫

૬ વ્યાસ સન્માન કઈ ભાષાના સાહિત્યકારને અપાય છે?
(અ) ગુજરાતી (બ) સંસ્કૃત
(ક) મરાઠી (ડ) હિન્દી

૭ સૌ પ્રથમ મેગ્સેસે એવોર્ડ વિજેતા ભારતીય કોણ હતા?
(અ) વિનોબા ભાવે (બ) પાંડુરંગ આઠવલે
(ક) સી.વી. રામન (ડ) આપેલ પૈકી કોઈ પણ નહીં

૮ નીચેનામાંથી કયો પુરસ્કાર યુજીસી દ્વારા અપાય છે ?
(અ) ટાયલર પુરસ્કાર (બ) હરિઓમ આશ્રમ પુરસ્કાર
(ક) અર્જુન પુરસ્કાર (ડ) તિલક પુરસ્કાર

૯ ઓસ્કાર પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) ફિલ્મ ક્ષેત્રે (બ) ટીવી ક્ષેત્રે
(ક) નાટ્યક્ષેત્રે (ડ) સંગીત ક્ષેત્રે

૧૦ નીચેનામાંથી કયો એવોર્ડ ફિલ્મ ક્ષેત્ર માટેનો છે ?
(અ) કલિંગ (બ) ગોલ્ડન ગ્લોબ
(ક) વી.ડી. ગોયેન્કા (ડ) ગોપાલ રત્ન

૧૧ ડેવિડ કોહન પુરસ્કાર કયા દેશનો સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર છે ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) ઈંગ્લેન્ડ (ડ) અમેરિકા

૧૨ સાહિત્યકાર રહેમાન કાગીને રાહીને કઈ ભાષા માટે જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો હતો ?
(અ) મરાઠી (બ) બંગાળી
(ક) પંજાબી (ડ) કાશ્મીર ભાષામાં

૧૩ સૌપ્રથમ વ્યાસ સન્માન મેળવનાર સાહિત્યકાર કોણ હતા ?
(અ) રામવિલાસ શર્મા (બ) જગન્નાથ પાઠક
(ક) શ્રીમતી દેવિકા રાણી (ડ) સુમિત્રાનંદન જોશી

૧૪ દ્રૌણાચાર્ય પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) સંસ્કૃતભાષા પ્રચાર (બ) રમત પ્રશિક્ષણ
(ક) આયુર્વેદ ક્ષેત્ર (ડ) ચિકિત્સા ક્ષેત્ર

૧૫ હોમી ભાભા પુરસ્કાર વિજ્ઞાનના કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) સૂક્ષ્મ વિજ્ઞાન (બ) રસાયણ વિજ્ઞાન
(ક) પરમાણું ક્ષેત્ર (ડ) તબીબી ક્ષેત્ર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૯ માર્ચ :**
  - નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. વિલિયમ લોરેન્સનો જન્મદિવસ (૧૮૯૦)
  - બોલીવુડના અફલાતૂન કોમેડીયન ઉત્પલ દત્તનો જન્મદિવસ (૧૯૨૯)
  - અંગ્રેજોએ પંજાબ પર કબ્જો મેળવ્યો (૧૮૪૯)
  - મંગલ પાન્ડેએ સૈનિક વિદ્રોહમાં પ્રથમ ગોળી ચલાવી (૧૯૫૭)
- **૩૦ માર્ચ : રાજસ્થાન દિવસ**
  - વિશ્વ પ્રસિદ્ધ રિડર્સ ડાયજેસ્ટના આધ્યસ્થાપક તંત્રી વિલિયમ વોલેસનું નિધન (૧૯૮૧)
  - બ્રિટનના મહારાણી એલીઝાબેન 'ધ મધર ક્વીન'નું નિધન (૨૦૦૨)
  - ગીતકાર આનંદબક્ષીનું નિધન (૨૦૦૨)
  - અમેરિકન ગાયિકા નોરા જોન્સનો જન્મદિવસ (૧૯૭૯)
- **૩૧ માર્ચ :**
  - ગાંધીજીના પરમ સેવક એવા ડૉ. હરિપ્રસાદ દેસાઈનું નિધન (૧૯૫૦)
  - ભોગીન્દ્રરાવ દિવેટીયાની જન્મજયંતિ (૧૮૭૫)
  - નેધરલેન્ડના રેને ડેકાર્તની જન્મજયંતિ (૧૮૭૫)
  - લોકસભાના પહેલા મહિલા અધ્યક્ષ મીરાકુમારનો જન્મદિવસ (૧૯૪૫)
- **૧લી એપ્રિલ :**
  - ભારતીય પોસ્ટમાં બચત ખાતાની શરૂઆત (૧૮૮૨)
  - ભારતમાં આવકવેરાની શરુઆત થઈ (૧૮૮૬)
  - ભારતીય રીઝર્વ બેંકની સ્થાપના થઈ (૧૯૩૫)
  - દેશમાં દશાંશ તોલમાલ ફરજિયાત થયા (૧૯૬૨)
- **૨જી એપ્રિલ :**
  - ટેલીગ્રાફના શોધક સેમ્યુઅલ મોર્સનું નિધન (૧૯૭૨)
  - સર વોટસન વોર્ડ રડારની પેટન્ટ મેળવી (૧૯૩૫)
  - ચરિત્ર અભિનેતા અજય દેવગણનો જન્મદિવસ (૧૯૬૯)
  - કોંગ્રેસે ક્રિપ્ટનો પ્રસ્તાવ ફગાવ્યો (૧૯૪૨)
- **૩જી એપ્રિલ :**
  - સેનાધિપતિ જનરલ માણેકશાનો જન્મદિવસ (૧૯૧૪)
  - મહારાષ્ટ્રના રાયગઢ કિલ્લામાં જીવાજનું નિધન થયું (૧૬૮૦)
  - માઉન્ટ એવરેસ્ટ પરથી પ્રથમ વિમાન ઊડ્યું (૧૯૩૩)
  - રાકેશ શર્મા અંતરીક્ષયાનની પ્રથમ યાત્રા કરનાર ભારતીય બનતા (૧૯૮૪)
- **૪થી એપ્રિલ : સાગર દિન (વહાણવટા દિન)**
  - જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સચિદાનંદ અજ્ઞેયજીનું નિધન (૧૮૮૭)
  - અમેરિકન ગાંધી માર્ટિન લ્યૂથરકિંગનું અવસાન (૧૯૬૮)
  - ખુભસુરત અભિનેત્રી પરવીન બાબીનો જન્મદિવસ (૧૯૪૯)
  - પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ ઝુલ્ફીકાર અલી ભુટોને ફાંસી અપાઈ (૧૯૭૯)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ચંદ્ર બાબુ નાયડુના પક્ષનું નામ શું છે ? જવાબ : તેલુગુ દેશમ પાર્ટી**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) યશવંતકુમાર એસ પ્રજાપતી : સે-૬
(૭) આકાશ જી પટેલ : સે-૨૩ (૮) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**હેલ્થ અને ફેમીલી વેલ્ફેર મંત્રી અનુપ્રિયા પટેલની રાજકીય પાર્ટીનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# દોષ વિના કોઈ નહિ



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

દુઃખના સમયે સમતા નહિ. દાખવનારાને ખેદ, વિષાદ અને બળતરાનો રોગ થાય છે, માટે તમારા દુઃખને મોટું કરશો નહિ, તમારા સુખની બીજાના સુખ સાથે તુલના કરશો નહિ કે તમારા સુખને વખોડશો નહિ. બીજાનું સુખ જોઈ માત્ર રાજી જ થાવ પણ સરખામણી કરશો નહિ. જેવું જેટલું અને જેટલા સમય માટે સુખ મળે તે આપવા બદલ ભગવાનના ઉપકાર માનજો અને કહેજો કે આટલા બધા સુખને લાયક કહેજો કે આટલા બધા સુખને લાયક હું તો ન હતો પણ તે કૃપા કરીને મને આપ્યું છે. 'જો દીયા સો ઠીક દીયા' એવો સ્વીકાર કરજો એમ કરશો તો અંદરથી પ્રસન્નતા પ્રગટશે. જો તમારા જીવનને મધુર બનાવશો.

'આ જગતમાં એવો કોણ માણસ છે જેના વંશમાં કોઈ પણ દોષ કે અવગુણ ન હોય. કયાંક ને કયાંક, નાનો પણ દોષ નીકળી આવે છે. સંસારમાં એવો કોઈ પણ માણસ નથી કે જે કોઈને કોઈ રોગથી પીડિત ન થયો હોય. અર્થાત્ કયારેક ને કયારેક મઆણસને રોગ ઘેરી લે છે. જગતમાં એવી કોણ વ્યક્તિ છે જેને કોઈ પણ વ્યસન ન સેવ્યું હોય અને તેના ઉપર સંકટ અથવા કષ્ટ આવી ન પડે છે. અને અને નાનું પણ વ્યસન વળગી પડે છે.'

શરીર વ્યાધિનું ઘર છે, તેથી દેહ ધારણ કરેલ ને રોગ ન જ થાય તેવું બની શકતું નથી. રોજ રાત્રે ગોળી ન ખાય તો ઉંઘ ન આવે તેવા માણસો છે, તે ભોજન લીધા પછી પચાવવાની ગોળી નિત્ય લેવી જ પડે તેવા માણસો પણ છે. જો આટલી જ વાત માણસ બરાબર યાદ રાખે તો શાંતિ અને આનંદથી જીવી શકશે. અનુભવી માણસો કહે છે કે રોગો સૂતેલા સારા. જો એકાદ રોગ બેઠો થઈ જાય તો માણસને બરાબરની વીતે છે. તેથી સ્તો કહ્યું છે કે, 'દાઢ, વાઢ, ખીલીને ખટકો, એથી ભલેરો ઝટકો' પ્રોગ કે બીજા કષ્ટોથી પીડાતો માણસ એવું વિચારતો હોય કે આવી યાતનામાં જીવવા કરતાં તો મૃત્યુ સારું. પછી તે આપઘાત કરવાનું પણ વિચારતો હોય છે. પણ માણસ દેહ છોડે તેથી તેને સુખ-દુખમાંથી છૂટકારો મળતો નથી. માણસ જયાં સુધી વાસના મુક્ત, કર્મમુક્ત ન થાય ત્યાં સુધી એને નવો જન્મ લેવો જ પડે છે.

જગતમાં અનેક કુળ છે. પરંતુ એક પણ દોષ વિનાનું કોઈ પણ કુળ દેખાતું નથી. ભગવાન શ્રીકૃષ્ણના કુટુંબી યાદવો વ્યસનોમાં ડુબી અંદર-અંદર કપાઈ મર્યા. ભગવાનને દ્વારકા છોડવી પડી. કુરુવંશનો દુર્યોધન ભગવાન શ્રીકૃષ્ણની જ્ઞાનની, ડહાપણની અને વ્યાવહારિક સત્યની વાતો, તેના જ હીતની વાતો ન સમજ્યો અને ભીષણ મહાભારત યુદ્ધ... ખેલી સર્વનાશ નોતર્યો. પાંડવ વંશમાં દોષો હતા. ધૂત જો યુધિષ્ઠિરને પ્રિય ન હોત તો ભાઈઓ અને પત્ની હારવાનું, પત્નીને ભરસભામાં અપમાનિત થવાનું અને પત્ની તથા ભાઈઓ સહિત ૧૩ વર્ષ વનવાસ જવાનું ન થયું હોત. રઘુવંશમાં ભગવાન શ્રીરામના વંશમાં પણ દોષ હતા. તેથી



તો મંથરાથી કૈંકેયી ભરમાઈ અને રામજીને ભાઈ અને પત્ની સહિત ૧૪ વર્ષ વનમાં જવું પડ્યું. ખરી વાત આવી છે. માટે તમારા ઘરમાં જેવું હોય તેવાનો સ્વીકાર કરી લેશો તો તમારા દીકરી કે દીકરી દોષિત હશે તો પણ તમને દુઃખ નહીં થાય. જેમ સુખની તુલના પણ કરવા જેવી નથી.

જે દુઃખ તમને પડ્યું છે તે બીજાના દુઃખ કરતા ઓછું છે તેવું સમજી તમને ઓછું દુઃખ આપવા માટે પરમાત્માનો ઉપકાર માનો - જે સુખ તમને મળ્યું છે તે મળવું જોઈએ તેના કરતાં વધુ મળ્યું છે. તેમ માનીને રાજીપો રાખીને સુખ આપવા બદલ પણ ભગવાનનો ઉપકાર માનો. જો આવો રાજીપો જીવન સાથે જોડાશો તો તમે તો સુખી થશો જ ઉપરાંત બીજાઓને પણ સુખી કરી શકશો.